અપીલ અરજી નં.૩૮૩ તા.૨૮–૧–૧૦

અરજદારઃ– શ્રી અસદ રમજાનીભાઈ શેખ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તાધારા)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અસદ રમજાનીભાઈ શેખની તા.૧૦–૧૨–૦૯ ની અરજીથી **CZ/S/10/4040 , CZ/S/10/4052** નંબરવાલા રદ થયેલા લાયસન્સની નકલો પુરી પાડવા બાબતે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૮૩/૨૦૦૯–૧૦

શ્રી અસદ રમજાનીભાઈ શેખની તા.૧૦–૧૨–૦૯ ની અરજીથી **CZ/S/10/4040 , CZ/S/10/4052** નંબરવાલા રદ થયેલા લાયસન્સની નકલો પુરી પાડવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં. સી.ઝેડ /એસ એન્ડ ઈ/આ.૩૨૨ તા.૪/૧/૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૬૮ તા.૫–૨–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તાધારા)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સી.ઝેડ/એસએન્ડઈ/આ.નં.૩૮૯ તા.૨૦–૨–૧૦ ના રોજ અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજી ફી ભર્યાની પહોંચ, અરજદારને પાઠવેલ નં.સી.ઝેડ/એસએન્ડઈ/આ.નં.૩૨૨ તા.૪–૧–૧૦ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૧૦–૧૨–૦૯ ની અરજીથી **CZ/S/10/4040 , CZ/S/10/4052** નંબરવાલા રદ થયેલા લાયસન્સની નકલો પુરી પાડવા બાબતે માંગણી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સી.ઝેડ/એસએન્ડઈ/આ.નં.૩૨૨ તા.૪–૧–૧૦ ના પત્રથી સદર નોંધણી પ્રમાણપત્ર માલિક/વારસદારની અરજી ધ્વારા રદ કરવામાં આવેલ છે. જેમાં નોંધણી પ્રમાણપત્ર સામેલ કરવામાં આવેલ નથી જે અંગેની પહોંચ રદ કરવા અંગેની અરજી રજૂ કરનારને જે તે નાગરીક સુવિધા કેન્દ્ર ધ્વારા આપવામાં આવે છે. સદર પ્રમાણપત્ર માલિકના અવસાન થયે રદ કરવામાં આવેલ છે. તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે લાયસન્સ કેન્સલ થયેલાના દસ્તાવેજી પુરાવા નથી મળ્યા તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. અરજદારે મુળ અરજીમાં પ્રમાણપત્ર રદ થયાની માંગણી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં બંને નોંધણી માલિકના અવસાન થયે રદ કરવામાં આવેલ છે તેમજ સદર જગ્યા પર લાયસન્સમાં એકટ મુજબ પ્રમાણપત્ર ઈસ્યુ થયા છે કે કેમ તે અંગે જણાતા સદર જગ્યા પર "એ–વન–ટી–કોર્નર" નામની સંસ્થાની જરૂરી કાર્યવાહી કરી નોંધણી કરવામાં આવેલ છે. અરજદારને જાહેર માહિતી અધિકારીએ લાયસન્સ માલીક તરફથી રદ કરતી વખતે મરણના પ્રમાણપત્ર અરજી સાથે રજૂ કરેલ છે. અને પ્રમાણપત્ર રદ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જયારે નોંધણી પ્રમાણપત્ર સામેલ કરવામાં આવેલ નથી. આથી આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં બાબત હેઠળ સદર લાયસન્સ સબંધિત દફતરનું ઈન્સ્પેકશન કરી શકે છે. તથા તે પૈકીના ઉતારા કે નકલો મેળવી શકે છે. જે માટે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),

અને એપેલેટ ઓફિસર

સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તાધારા) ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી અસદ રમજાનીભાઈ શેખ